સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ગરમાવો | 'આપ'ની નહિવત હાજરી વચ્ચે અપક્ષોનો દબદબો રહેવાના એંધાણ

બોરસદમાં 4 અપક્ષ ઉમેદવારોએ ફોર્મ ભરવાની પ્રક્રિયાના શ્રીગણેશ કર્યા

ભાજપમાં દાવેદારોની લાંબી કતાર સામે કોંગ્રેસને પેનલ બનાવવામાં મુશ્કેલી

(પ્રતિનિધિ) પેટલાદ તા.7

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ જાહેર થઈ ચુકી છે. જેના ઉમેદવારી પત્રો ભરાવવાના તા.૬ એપ્રિલથી શરૂ થયા છે. આજરોજ જિલ્લામાં બોરસદ નગરપાલિકાથી ઉમેદવારી પત્રો ભરાવવાનો પ્રારંભ થઈ ગયો છે. જ્યાં આજે ચાર ફોર્મ ભરાયાં છે. આ બે દિવસ દરમ્યાન મનપા, જિલ્લા - તાલુકા પંચાયત અને નગર પાલિકાના ઘણાં દાવેદારો ફોર્મ લઈ જવાથી ચુંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

આણંદ જિલ્લામાં સ્થાનિક ચુંટણીઓ માટે ગતરોજ જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. જે મુજબ છઠ્ઠી એપ્રિલથી 11મી એપ્રિલ દરમ્યાન ઉમેદવારી પત્રો ભરાવવાના છે. જેને લઈ ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષના સંભવિત ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. આણંદ જિલ્લામાં 1 મહા નગર પાલિકા, 1 જિલ્લા પંચાયત, 8 તાલુકા પંચાયત અને 6 નગર પાલિકાની સામાન્ય ચુંટણી યોજાવા જઈ રહી છે. જે માટે ગતરોજથી દાવેદારોએ ફોર્મ લેવાના શરૂ કરી દીધા છે. આજરોજ આ તમામ 16 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પૈકી બોરસદ નગર પાલિકાથી ઉમેદવારી પત્રો ભરાવવા સાથે ચુંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. જેમાં વોર્ડ નં.2 માંથી બચુભાઈ લીંબાતભાઈ રોહિતે અપક્ષ ઉમેદવારી કરી છે. જ્યારે વોર્ડ નં.3 માંથી તમામ અપક્ષ ઉમેદવારો શૌકતખાન આફતાબખાન પઠાણ, સાજેદાબીબી ઈમ્તિયાઝખાન પઠાણ અને શુકરાનાબીબી ઈમરાનભાઈ કુરેશીએ ફોર્મ ભર્યા હતા.

આણંદ જિલ્લાની અન્ય કોઈ જ જગ્યાએ ઉમેદવારી પત્રો ભરાયા નથી. જો કે ભાજપ અને કોંગ્રેસ દ્વારા મેન્ડેટ જાહેર થયા બાદ મોટી સંખ્યામાં ઉમેદવારી પત્રો ભરાવવાની શક્યતાઓ જોવાઈ રહી છે. મળતી માહિતી મુજબ ભાજપમાં દાવેદારોની લાંબી કતાર છે, જ્યારે કોંગ્રેસને પેનલ બનાવવાના પણ ફાંફાં છે. આમ આદમી પાર્ટી તો લગભગ ક્યાંય જોવા મળતી નથી. આ ત્રણ રાજકીય પાર્ટીઓ વચ્ચે અપક્ષ ઉમેદવારોની સંખ્યા વધુ રહેવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

રાજકીય ગરમાવા વચ્ચે વરસાદી ઠંડક

પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લામાં 16 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચુંટણીઓ યોજાઈ રહી છે. જેને કારણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય ગરમાવો વધી રહ્યો છે. ખાસ કરીને ભાજપ છાવણીમાં બેઠકો કરતાં દાવેદારોની લાંબી ફોજ હોવાના કારણે સંભવિતો મેન્ડેટની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આવા રાજકીય ગરમાવામાં આજરોજ જિલ્લામાં છુટા છવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. જેને કારણે રાજકીય માહોલ તથા ઉનાળાના ગરમવામાં વરસાદી ઠંડક પ્રસરી જવા પામી છે.

પ્રમુખ-મંત્રીના જવાબો લેવાયા, પણ તપાસમાં 'મુદત પર મુદત' કેમ?

ઠાસરાની શિક્ષક મંડળીના ધાબળા કૌભાંડમાં ભીનું સંકેલવાનો કારસો!

રૂ.1150નો ધાબળો રૂ.1800માં પધરાવી સભાસદોના નાણાંની ખુલ્લેઆમ લૂંટ!

(પ્રતિનિધિ) સેવાલિયા તા.7

ઠાસરા તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળીમાં ધાબળા ખરીદીના નામે આચરવામાં આવેલા કથિત ભ્રષ્ટાચારના મામલે નડિયાદ સ્થિત જિલ્લા રજિસ્ટ્રાર કચેરી ખાતે મંડળીના પ્રમુખ દિનેશભાઈ બારીયા અને મંત્રી ચંદ્રકાંતભાઈ વાળંદના લેખિત જવાબો લેવામાં આવ્યા હતા. જોકે, પુરાવાઓ સ્પષ્ટ હોવા છતાં તંત્રની ઢીલી નીતિ અને વારંવાર પડતી 'મુદતો'ને કારણે અસંતોષ અને રોષ ફાટી નીકળ્યો છે.

આ સમગ્ર કૌભાંડની વિગતો મુજબ, સામાન્ય સભામાં ધાબળાની ભેટ માટે 20.45 લાખનું બજેટ મંજૂર કરાયું હતું, પરંતુ પ્રમુખ-મંત્રીએ સત્તાનો દુરુપયોગ કરી, કોઈપણ પ્રકારના ઈ-ટેન્ડરિંગ વગર સીધી જ રૂ.23.50 લાખની ખરીદી કરી નાખી હતી. બજેટ કરતા રૂ.3.05 લાખનો વધારાનો ખર્ચ અને ટેન્ડર પ્રક્રિયાનો અભાવ ભ્રષ્ટાચારની ચાડી ખાય છે.

આ કૌભાંડમાં ચર્ચાઈ રહ્યું છે કે, જે ધાબળા બજારમાં કે ઓનલાઈન રિટેલ ભાવે 1150માં ઉપલબ્ધ છે, તેની ખરીદી મંડળીના ચોપડે હોલસેલના નામે 1800માં બતાવવામાં આવી છે. સભાસદો આક્ષેપ કરી રહ્યા છે કે તેમના પરસેવાના નાણાંનો વહીવટદારો દ્વારા દુરુપયોગ કરવામાં આવ્યો છે.

ઠાસરાની પીપલવાડા, સુઈ અને ખીજલપુર જેવી પે-સેન્ટર શાળાઓએ આ ધાબળા સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. શિક્ષકો સવાલ કરી રહ્યા છે કે જો આર્થિક અનિયમિતતાના પુરાવા સામે જ છે, તો જિલ્લા રજિસ્ટ્રાર કડક કાર્યવાહી કરવામાં વિલંબ કેમ કરી રહ્યા છે? આ અંગે વહેલી તકે કાર્યવાહીની માંગ કરી છે.

કડાણા:2પશુનેકતલખાને લઈ જતી ગાડી પકડાઈ

અનોપ્પુર પાસે પિકઅપ ડાલુ ઝડપાયું, બે શખ્સો સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) કડાણા તા.7

મહીસાગર જિલ્લાના કડાણા પોલીસ મથકની હદમાં અનોપ્પુર ગામ પાસે પેટ્રોલ પંપ નજીક રોડ પરથી પશુઓ પ્રત્યે ક્રૂરતા આચરતા બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે.

સંતરામપુરના મોવાસા ગામના જીગરભાઈ પંચાલે 7મી એપ્રિલ 2026ના રોજ બપોરના સમયે બાતમીના આધારે અનોપ્પુર રોડ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન માલવણ તરફથી આવતી એક સફેદ કલરની મહિન્દ્રા બોલેરો પિકઅપ (રજીસ્ટ્રેશન નંબર RJ-09-GB-5489) ને રોકવામાં આવી હતી. જેની તપાસ કરતા ગાડીના પાછળના ભાગે બે કાળા રંગની ભેંસોને ટૂંકા દોરડાથી પશુઓ હાલી-ચાલ ન શકે તે રીતે ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં મળી આવી હતી.

આ અંગે પિકઅપ ચાલક ઈશ્વરભાઈ બાબુલાલ રાવત અને તેની સાથે બેસેલો લાલુરામ કાશીરામ ગાડોલીયા (બંને રહે. ઉદયપુર, રાજસ્થાન) પાસે પશુઓના પરિવહન અંગેની કોઈ પરમિટ કે માલિકીના આધાર પુરાવા મળી આવ્યા ન હતા. આ ઉપરાંત પશુઓ માટે પીવાના પાણી કે ઘાસ-ચારાની કોઈ વ્યવસ્થા પણ રાખવામાં આવી ન હતી. આ મામલે કડાણા પોલીસે બન્ને સામે પશુઓ પ્રત્યે ક્રૂરતાની કલમો હેઠળ ગુનો નોંધી કુલ 2.24 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

કપડવંજ નગરપાલિકાના વોર્ડ નં. 5 અને 6માં સૌથી વધુ 21 - 21 દાવેદારો

કપડવંજ નગરપાલિકાના વોર્ડ નં.2માં ભાજપને એક પણ દાવેદાર ન મળ્યાં!

જિલ્લા ભાજપ દ્વારા ત્રણ-ત્રણ નામની પેનલ પ્રદેશમાં મોકલાઈ

(પ્રતિનિધિ) કપડવંજ તા.7

કપડવંજ નગરપાલિકાની આગામી 26મી એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. કુલ 7 વોર્ડની 28 બેઠકો માટે ભાજપમાંથી 97 જેટલા દાવેદારોએ ટિકિટની માંગણી કરી છે. જોકે, રસપ્રદ વાત એ છે કે ભાજપ તમામ 7 વોર્ડમાંથી માત્ર 6 વોર્ડમાં જ પોતાના ઉમેદવારો ઉતારવાની તૈયારીમાં છે, જ્યારે વોર્ડ નંબર 2માં એક પણ દાવેદારે ટિકિટ માંગી નથી.

કપડવંજ નગરપાલિકામાં કાઉન્સિલર બનવા માટે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વોર્ડવાર આંકડા જોઈએ તો, વોર્ડ નં. 5 અને 6માં સૌથી વધુ 21-21 દાવેદારો છે. જ્યારે વોર્ડ નં. 1માં 12, વોર્ડ નં. 3માં 12, વોર્ડ નં. 4માં 18 અને વોર્ડ નં. 7માં 13 ઉમેદવારોએ ટિકિટ માંગી છે. વોર્ડ નંબર 2માં હિન્દુ મતોની સંખ્યા નહિવત હોવાને કારણે અહીં ભાજપમાંથી કોઈ પણ ઉમેદવારે દાવેદારી નોંધાવી નથી.

ખેડા જિલ્લા ભાજપ કાર્યાલય સંકલન બેઠકમાં દરેક સીટ પરથી ત્રણ-ત્રણ નામની પેનલ બનાવીને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં મોકલી આપવામાં આવી આવશે.

કપડવંજની 6 બેઠક માટે ભાજપમાં ટિકિટની ખેંચતાણ

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રણશિંગા ફૂંકાઈ ચૂક્યા છે, જેના પગલે કપડવંજ તાલુકામાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. જિલ્લા પંચાયતની 6 બેઠકો માટે ભાજપ પક્ષમાં કાર્યકરોનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેમાં કુલ 33 આગેવાનોએ ટિકિટ માટે દાવેદારી નોંધાવતા આંતરિક સ્પર્ધા તીવ્ર બની છે. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કપડવંજ તાલુકાની બેઠકો પર તમામ રાજકીય પક્ષોએ કમર કસી છે. ભાજપમાં ખાસ કરીને બેટાવાડા અને અલવા બેઠકો સૌથી વધુ ચર્ચામાં છે. બેટાવાડા બેઠક પર ટિકિટ મેળવવા માટે સૌથી વધુ 10 ઉમેદવારોએ દાવેદારી કરી છે, જ્યારે અલવા બેઠક માટે 7 દાવેદારો લાઈનમાં છે. આ ઉપરાંત અંતિસરમાં 6, આંબલીયારામાં 4, આંત્રોલીમાં 3 અને લેટરમાં 3 ઉમેદવાર મેદાનમાં ઉતર્યાં છે.

સંતરામપુર પાસે કાર ટક્કરે રિક્ષા સવાર મહિલાનું મોત

કોલેજ સર્કલ પાસે પૂરઝડપે આવતી કારે રિક્ષાને ટક્કર મારી હતી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.7

સંતરામપુર કોલેજ સર્કલ પાસે ગત શનિવારે બપોરે રિક્ષા અને સ્વિફ્ટ કાર વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં રિક્ષામાં સવાર મહિલાનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે. આ મામલે મૃતક મહિલાના પતિએ સંતરામપુર પોલીસ મથકે કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના પટીસરા ગામના પ્રશાંતકુમાર અમરતભાઈ મછાર 4થી એપ્રિલ,2026 બપોરે આશરે 12-30 વાગ્યે તેમની પત્ની શારદાબેન સાથે રિક્ષામાં સંતરામપુરથી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન સંતરામપુર કોલેજ સર્કલથી આગળ રોડ પર સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવતી કાર (GJ-20-AH-80308030) ના ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં શારદાબેનને માથા, પેટ અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક વધુ સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન છઠ્ઠી એપ્રિલના રોજ વહેલી સવારે તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જીને નાસી છૂટેલા કાર ચાલક વિરુદ્ધ સંતરામપુર પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજમાં શ્રી મણીભદ્રવીરની 9મી સાલગીરા પ્રસંગે ભવ્ય ધ્વજારોહણ યોજાયું

કપડવંજ | કપડવંજમાં અંતીસર દરવાજા બહાર સ્થિત શ્રી નેમિનાથજી દેરાસર ખાતે બિરાજમાન શ્રી મણીભદ્રવીરની નવમી સાલગીરાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં દેરાસર પર શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં જૈન સંઘના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં પધારીને મણીભદ્રવીરના દર્શન અને ભક્તિનો લ્હાવો લીધો હતો. સમગ્ર વિસ્તારમાં આ પ્રસંગે ભક્તિમય માહોલ સર્જાયો હતો અને ભાવિકોએ સાલગીરાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

કપડવંજમાં ઈદ મિલન પ્રસંગે સમાજની નવનિયુક્ત મહિલા જજનું કરાયું બહુમાન

કપડવંજ | કપડવંજમાં મુસ્લિમ વકીલ મંડળ દ્વારા આયોજિત ઈદ મિલન સંમેલનમાં ખેડા જિલ્લાના વકીલો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજનું ગૌરવ વધારનાર નવનિયુક્ત મહિલા જજનું ખાસ સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગુજરાત બાર કાઉન્સિલના સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં શિક્ષણના મહત્વ પર વિશેષ ભાર મૂકાયો હતો. જે.યુ. મલેક અને સાથી વકીલોની ભારે જહેમતથી આ મિલન સમારોહ સૌહાર્દપૂર્ણ રીતે સફળ રહ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એકઝેક્યુટીવ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજના કેદારેશ્વર ખાતે સ્વચ્છતા અભિયાનની યુવા ટીમનું સન્માન કરાયું

કપડવંજ | કપડવંજ તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ કેદારેશ્વર ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિસ્તારની સફાઈ અને સ્વચ્છતા જાળવવામાં સક્રિય યોગદાન આપનાર યુવા ટીમની નોંધ લેવામાં આવી હતી. યુવાનો દ્વારા કરવામાં આવેલી આ નિષ્ઠાપૂર્વકની સેવાકીય કામગીરી બદલ તેમનું જાહેર સન્માન કરાયું હતું. આ સન્માન દ્વારા અન્ય યુવાનોને પણ સામાજિક સેવામાં જોડાવા માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

કપડવંજના ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં ધોરણ-8ના વિદ્યાર્થીઓનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો

કપડવંજ | કપડવંજ તાલુકાની ભાઈલાકૂઈ શાળામાં ધોરણ 8ના વિદ્યાર્થીઓનો સન્માન સાથે વિદાય સમારંભ યોજાયો, જ્યાં તેઓને પ્રમાણપત્ર અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષક દ્વારા ભેટ વિતરણ અને વિદ્યાર્થીઓ દ્વારા શાળાને ઘડિયાળ અર્પણ કરાઈ, સાથે જ 'સ્મૃતિ વૃક્ષ' પર સૌએ પોતાની યાદગીરીઓ કંડારી હતી. વિદાય ગીતોથી માહોલ અત્યંત ભાવુક બન્યો હતો અને અંતે શાળા પરિવાર દ્વારા સૌને સ્વાદિષ્ટ ભોજન કરાવી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

ગામડાના બાળકોને પાયાથી સસ્તું અને સંસ્કારી શિક્ષણ મળે તે અનિવાર્ય: સતપંથાચાર્ય

આણંદ | બેંગલુરુમાં હિન્દુ ધર્મ આચાર્ય સભામાં સતપંથાચાર્ય જ્ઞાનેશ્વરદેવાચાર્યજીએ જણાવ્યું કે, શહેરની જેમ ગામડાના બાળકોને પણ શરૂઆતના સ્તરથી આધુનિક શિક્ષણ અને સનાતન સંસ્કારો મળે તે જરૂરી છે. તેમણે નવી શિક્ષણ નીતિને આવકારી, ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનું માળખું સુધારવા સરકાર અને વિવિધ સંપ્રદાયોને સાથે મળીને કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને આર.એસ.એસ. વડા મોહન ભાગવતની ઉપસ્થિતિમાં આચાર્યના શિક્ષણલક્ષી વિચારોને બિરદાવી તેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં સતપંથના સેવાભાવી અગ્રણી કાર્યકરો શૈલેષભાઈ પટેલ, જગદીશભાઈ ઘોળું, વકીલ સુરેશભાઈ પટેલ અને જીતુભાઈ પારસીયાએ હાજર રહ્યાં હતાં.

નડિયાદમાં માનસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ભજન સ્પર્ધામાં 22 મંડળોનો ભક્તિનાદ

નડિયાદ | નડિયાદ ખાતે વિવિધ મંદિરના સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલી ભજન સ્પર્ધામાં કુલ 22 મંડળોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં હરિઓમ ભજન મંડળ પ્રથમ રહ્યું હતું. જ્યારે સહભાગી તમામ મંડળોને ઢોલક-કરતાલ સહિતની ભજન કીટ ભેટ આપી હતી. આ પ્રસંગે દીકરીઓની સુરક્ષા અને સનાતન ધર્મ અંગે માર્ગદર્શન આપી દર શનિવારે જાહેરમાં હનુમાન ચાલીસા કરવા આહવાન કરાયું હતું. ટ્રસ્ટના પ્રમુખ દ્વારા વિજેતા બહેનો માટે વર્ષ 2027માં અયોધ્યાના 'માનસ ભવન' ખાતે નિ:શુલ્ક રહેવા-જમવાની વિશેષ જાહેરાત કરવામાં આવી હતી.

બાલાસિનોરની ઓ.જે. દેસાઈ પ્રાથમિક શાળાના આચાર્યાનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

બાલાસિનોર | બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત ઓ. જે. દેસાઈ પ્રાથમિક શાળાના આચાર્યા પન્નાબેન પી. પટેલે સ્વૈચ્છિક નિવૃત્તિ લેતા મંડળના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ દેસાઈ અને મંત્રી યશવંતભાઈ રામી દ્વારા પન્નાબેનને શાલ ઓઢાડી તથા સન્માન પત્ર એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. કેળવણી મંડળ દ્વારા તેમની સેવાઓની કદરરૂપે રૂ. 41 હજારનો ચેક અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

ચારુસેટના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને મજબૂત કરવા ઉદ્યોગપતિ ચિરંજીવ પટેલનું ઓનબોર્ડિંગ

આણંદ | ચારુસેટ યુનિવર્સિટીની સીઆઈવીએફ શાખા દ્વારા સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને વેગ આપવા પીસી સ્નેહલ ગ્રુપના એમડી ચિરંજીવ પટેલનું સફળતાપૂર્વક ઓનબોર્ડિંગ કરવામાં આવ્યું છે. આ નિમિત્તે આયોજિત ખાસ સેશનમાં તેમણે ઉદ્યોગજગતના અનુભવો દ્વારા ઇનોવેટર્સને માર્ગદર્શન આપી સ્ટાર્ટઅપના વિકાસ અને સ્કેલેબિલિટી માટે પ્રોત્સાહિત કર્યા હતા. નવા સ્ટાર્ટઅપ્સને મેન્ટરશિપ, માર્કેટ કનેક્ટ અને ઇન્વેસ્ટર નેટવર્ક સાથે જોડવા માટે પોતાની પૂરતી પ્રતિબદ્ધતા દર્શાવી છે. ચુનિવર્સિટીના પ્રમુખ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પહેલથી પ્રદેશમાં ઉદ્યોગસાહસિકતા અને ઇનોવેશનની સંસ્કૃતિ વધુ મજબૂત બનશે.

આણંદના ગુરુકૃપા યોગ કેન્દ્ર દ્વારા શ્રદ્ધાળુ વરિષ્ઠોને નર્મદા પરિક્રમા કરાવવામાં આવી

આણંદ | આણંદના ગુરુકૃપા યોગકેન્દ્ર દ્વારા યોગકોચ અને સામાજીક અગ્રણી કોમલબેન નિરંજનભાઈ પટેલના વડપણ હેઠળ નર્મદા પરિક્રમા નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા 25 ભાઈબહેનોએ પવિત્ર માતા રેવા (નર્મદા)ની પૂજા અર્ચના, દર્શન, પરિક્રમા કરીને માતાજીની અમીદ્રષ્ટિની કામના કરી ધન્યતા અનુભવી હતી.

વિદ્યાનગરની જીસેટ કોલેજમાં 'વંદે માતરમ' થીમ સાથે 30મો વાર્ષિક દિવસ ઉજવાયો

આણંદ | ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત જી.એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (જીસેટ)ના 30મા વાર્ષિક દિવસની ઉજવણી 'વંદે માતરમ'ની 150મી વર્ષગાંઠની થીમ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત પ્રખ્યાત ખગોળશાસ્ત્રી પ્રોફેસર પંકજ જોશી અને અતિથિ વિશેષ પ્રોફેસર શીતલ કલ્યાણીએ વિદ્યાર્થીઓને સંશોધન, કૌશલ્ય વિકાસ અને ટેક્નોલોજીના સકારાત્મક ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન આચાર્ય ડો.કૌશિક નાથે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો.

જાહેર હરાજી

આથી મોજે ત્રાજ, તા.માતર, ગ્રામ પંચાયતના બ્લોક નંબર/સર્વે નંબર-૨૦૬૯, ૨૦૫૦, ૨૧૪૨, ૨૧૪૩, ૨૧૪૪, ૨૧૪૭, ૨૧૪૫, ૨૧૫૨, ૨૧૫૩, ૨૧૫૪, ૨૩૮૪, ૨૧૪૧ વારી ગૌચર જમીનમાં ગાંડા બાવળની હરાજી ગ્રામ પંચાયત ત્રાજ, તા-માતર મૂકામે તા.૧૩/૦૪/૨૬ ને સોમવારના રોજ બપોરના ૧-૦૦ કલાકે રાખેલ છે. અંદાજીત કિંમત રૂ.૩,૧૪,૮૩૨/-તથા ડીપોઝીટની રકમ રૂ.૫,૦૦૦/- તેમજ હરાજીની અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે તો હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ ઉપરોક્ત સમયે જણાવેલ સ્થળ ઉપર હાજર રહેવું.

સરપંચશ્રી	તલાટી કમ મંત્રીશ્રી
રમેશભાઈ લવજીભાઈ ઝાલા	દિનેશભાઈ એમ. પટેલ
ત્રાજ ગ્રામ પંચાયત, ત્રાજ, તા.માતર	ત્રાજ ગ્રામ પંચાયત, ત્રાજ, તા.માતર